સાધો, આ તે સત કે ભ્રમણા
એક હરિ આલો તો તરત જ કરી બતલાવે બમણા

પ્રેમગલીની વચ્ચે બોલાવે
કીમિયાગર કપટી
હરિમાં હું ને હુંમાં હરિ
ત્યાં ઊભા ચપટી ચપટી

સુખની જ્યાં કોઈ મણા નહીંઃ સગપણનું નામ સુખમણા

હું જ મને ઢાંકીને
બેઠો રહું મારી પછવાડે
ઢાંકપિછોડા છોડ, હરિ
થઈ જાશે ખડા રૂંવાડે

હું-ને ઊંહું કહું તો હરિ ભેટે હમણાં ને હમણાં

સાધો, ઇક સદ્‌ગુરુ ઇક ચેલા
બેયને ધડ પર મસ્તક નહીં એવા માથાના ફરેલા

તરણી કરી પતાસાની
કેસરના તંતઃ હલેસાં

ક્ષીરસાગરમાં તરતી મેલી
ચલ સુરતિ, નિજ દેસા

બેય ઓગળી ગયા ચાંદનીની આંચે અલબેલા

અહો અચંભો પામી ગુણીજન
કરે પરસ્પર પૃચ્છા
વૃચ્છને ટેકે વેલ ચઢી કે
વેલને ટેકે વૃચ્છા

બેય ચગ્યા એવા કે જાણે વસંતમાં વંઠેલા

સાધો, કાગદ કલમ સિયાહી
આ ત્રેખડમાં મુરશિદ ટપક્યા, મચ ગઈ તેજતબાહી

અમે ગ્રંથના ગ્રંથ આળખ્યા
એક્ ચોખાને દાણે

દેખ્યું તે લેખ્યુંઃ લખલખતી
અલખની જોત લખાણે

ભાવપુરુષ ને ભાષા જો ખેલે છે ચોરસિપાહી

અમે બીજને હુકમ કર્યો તો
વૃક્ષ ખીલ્યું તત્કાળે
સ્હેજ ઇશારો કર્યો ના ક્ર્યો
વસંત બેઠી ડાળે

શબ્દ થકી આ વિશ્વ વિલસ્યું, દેશે સુરત ગવાહી

સાધો, નામ અમલમાં રાતા
રિન્દ ગયા એવું ભેટી કે હજી અડબડિયાં ખાતા

રબ કરતાં તો ચઢે રાબિયા
માધવ કરતાં મીરાં
સત્તપુરુષને શીદ વળગું જો
મારગ મળે કબીરા

મુરશિદ કરતાં ચાર ચાસણી શાગિર્દા ચઢિયાતા

મસ્જિદની ભીંતો અક્કડ પણ
વાળ્યો વળે નમાજી
ધન્ય હજો, હજ કર્યા વિના જે
હોય સહજનો હાજી

મન્સૂર એ જ મુસાફર અવ્વલ જો નહીં આતા જાતા

સાધો, શેખથી રહેજો આઘા
નભ પર પાંચ નમાઝ ચીતરતાં પડયા ચંદ્ર પર ડાઘા

મંદિર ને મસ્જિદ સગપણમાં
માટીનાં મસિયાઈ
ખુદા કદી ખંડેર થાય નહીં
ખરે ન કદી ખુદાઈ

મુરશિદ માંગે મસ્તક ત્યારે પંડિત પહેરે પાઘા

આજ શબદની કથરોટે ઊભરાઈ
અકથની ગંગા
દેખણહારા દાઝે, માંહ્ય પડ્યા
તે ભયા મલંગા

કાંઠે બેઠો વિપ્ર વિદેહીને શીદ ધરતો વાઘા

સાધો, હમરા કંઠ બુલંદા
એક શબદ ઉચ્ચારું: ગાજે ગેબ મહીં પડછંદા

અમે બહારવટિયા, -- અમને
અંદરથી કરવા ઝબ્બે
છટ્ઠીનું ધાવણ કાઢે છે
અલખધણી એક્ ધબ્બે

બંદીવાન થયાં એ ક્ષણથી નામ અમારું: બંદા

ઇધરતિધર નહીં, ભીતર ભાળે
જે સદ્‌ગુરુનો આંજ્યો
જૂગટું રમતો જોગી તો
ના જાય કોઈથી ગાંજ્યો

બરાબરીનો જણ ભેટ્યો તો ખરાખરી ખેલંદા

સાધો, સહુ સંસારે સુખિયા
લમણે હાથ દઈ બેઠા બે જણ, મરઘટના મુખિયા

બેયને મન મરવાનું તે
કાશીથી નીકળ્યા મગહર
ચેહ કહેઃ હું ભેટું, માટી કહે
લેટ જા અંદર

આ કજિયામાં મંદિર ને મસ્જિદ બન્ને સમદુખિયાં

ભાષા સઘળી ગાય મરસિયા
સંસકિરત કે ઉરદૂ
મજારની તડમાંથી એવું તે
શું બોલ્યું મુરદુ

ગેબ લખ્યા એના પડછંદા જાય ન કેમે લૂખિયા

સાધો, અમે શબદના જોગી
અષ્ટપ્રહર આલિંગન તોય અમે તો પ્રખર વિયોગી

કલ્પવૃક્ષની છાંયે ઊભા
તોય આકરો તડકો
સ્વર્ણ થવા નિજ વર્ણ વિદારી
શીદ પારસને અડકો

ક્ષણ જે સિદ્ધ કરે તે સાચું, હોની હોય સો હોગી

ક્ષુધા સમેટી ધાન્ય રચું ને
તૃષા સમેટી મેહા
નિજને સાવ સમેટું ત્યાં તો
નીતરે પરમ સનેહા

હરિ ચૂંટે બદરિફળઃ બોલો, શબરી, કબ આવોગી

સાધો, સંત ચડ્યા છે ટાંચે
કળીઓ ભડભડ ફૂલ બની ગઈ ઋતુ બસંતની આંચે

લલાટથી પ્રસ્વેદ લૂછતાં
લૂછે લેખ વિધિના
ગુરુકૂંજી આપે, સંતાડી
મંજૂષ નવે નિધિના

તેજદ્યુતિમાં બોળી હો જાણે આંગળીઓ પાંચે

શ્રીમુખ ભાખ્યું અમે યથાતથ
પેખ્યું જે કૈં પ્રાણે
રતીવાલની વધઘટ નાહીં
ઘટશે એ જ પ્રમાણે

પ્રાંજલભાવે રહે ઝળહળી જે જણ આ પદ વાંચે

સાધો, લખી એકડે એકો
છક થઈને સૌ જુએ છટાથી અમે જ માર્યો છેકો

સંખ્યા સાંખ્ય નહીં સાંખે
એ પ્રબળ શૂન્યની સત્તા
સુવાસનો આસવ પાતી
જ્યાં વસંત વાસવદત્તા

બુલંદ મૌને મુરશિદ ગાતા, વાહ ગજબનો લ્હેકો

ગણિકા તે નહીં ગર્ભગૃહે
જોગણ તે નહીં ઝરૂખે
મેઘાડંબર મ્હેણું શોભે
કેવળ મોરને મુખે

ગોવર્ધન તું તોળ, અમારો પુંકેસરનો ટેકો

સાધો, રચે લીલા રઢિયાળી
ધરું સહજ હું ઇલાયચી તો હરિ યાચે વરિયાળી

ફૂલફગરના તકિયે મુરશિદ
તકિયાકલામ તું હિ
ગાઢ સુગંધે જઈ પહોંચી
તુર્યાવસ્થામાં જૂહી

અલોપ વન આખું ને કેવળ વસંતઘન વનમાળી

કપૂરની પૂતળી ઝંખે તે
આ જ વેળ ગોધૂલિ
લિયે આશકા લીલાપુરુષ
ભભકે પાંચે અંગુલિ

અગનલગનની રમઝટ રાસે, અહીં તાળી તહીં તાળી

સાધો, વરિયાળીની છત્રી
બારે તે મેઘાની ઊંધી વળશે બધી ગણત્રી

આજ હુજૂરે માર્યો અમને
એક હજારીગોટો
અમે ય વળતો ઘા કરી ફેંક્યો
પચરંગી પરપોટો

લાખેણા જોદ્ધા બન્ને, બન્નેનાં લખ્ખણ બત્રી

લવિંગની લઈ ગદા ઝઝૂમ્યા
ઉત્સવ આ મરવાનો
ક્ષતવિક્ષત થઈ પડ્યા તો
અક્ષત હરિ ચડાવે પાનો

પુંકેસરની પરશુ લઈ, ચલ, પૃથ્વી કર નક્ષત્રી

સાધો, લખ હૂંડી પર હૂંડી
નહીં સીકરે તો ભોગ હરિના, ગાળ ભાંડશું ભૂંડી

જનમબ્હાવરી નીસરી છે
વરવાને વર વણજાયો
એ આવે તો ઠીક, નહીંતર
પરણીશું પડછાયો

એના નામે નાહી નાખીશું ભરી અમરતની કૂંડી

વણકરના ઘરમાં જઈ પેઠાં
જેમ સૂઈમાં ધાગા
કરવત લઈને પૂંઠે કાશીનગરી
કરતી ત્રાગાં

અમને કોની સાડાબારી, નહીં ધડ કે નહીં મૂંડી

સાધો, મુરશિદ નર્યો નઠારો
એક કીડીને માથે મૂક્યો કમળતંતુનો ભારો

મહિયારણની માફક એ તો
હરિ વેચવા હાલી
વણકર મોહી પડયો તો રણઝણતી
ઝાંઝરીઓ આલી

ચૌદ ભુવનને ચકિત કરે એવો એનો ચટકારો

બધું ભણેલું ભૂલવાડી દે
એવો એક જ મહેતો
ત્રિલોકની સાંકડ ભાળી
કીડીના દરમાં રહેતો

નથી કોદરા કોઠીમાં, કેવળ કંઠે કેદારો